## ૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

અગ્રતા ક્રમ -: **૧૭**

વિભાગ :- ઉદ્યોગ અને ખાણ વિભાગ (GIDC)

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૦૪/૨૦૦૫

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૧૯/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : વડગામ તાલુકામાં જલોત્રામાં માર્બલ કટીંગ અને પોલીસીંગ માટે GIDC સ્થાપવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :

શ્રી જીગ્નેશ મેવાણી (વડગામ)

# અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | **વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન** | |
| | **વિભાગે કરેલ જવાબ** | |
| | **હાર્દ** | |
| | **પૂરક માહિતી** | |
| **પેટા પ્રશ્ન– ૧** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતે કેટલા વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતનું આયોજન છે? | શ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર) |
| **પેટા પ્રશ્ન– ૨** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતે સરકારી જમીન તબદીલીથી મેળવવા કલેકટરશ્રીને ક્યારે દરખાસ્ત કરવામાં આવી? | શ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર) |
| **પેટા પ્રશ્ન– ૩** | થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીનનો આગોતરો કબજો લેવામાં આવેલ છે કે કેમ? | શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા) |
| **પેટા પ્રશ્ન– ૪** | થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીનનો આગોતરો કબજા કિંમત ભરપાય કરવામાં આવેલ છે કે કેમ? | શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા) |
| **પેટા પ્રશ્ન– ૫** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીનની જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા શું કિંમત નક્કી કરવામાં આવી છે? | શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર) |
| **પેટા પ્રશ્ન– ૬** | નિગમની માંગણીવાળી જમીન કેન્દ્ર સરકારશ્રી દ્વારા ક્યારે ઈકોસેન્સીટીવ ઝોન "જાહેર કરવામાં આવેલ? | |
| **પેટા પ્રશ્ન– ૭** | કલેક્ટરશ્રી દ્વારા થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીન જીઆઈડીસીને તબદીલીની મંજૂરી મેળવવાની દરખાસ્ત મહેસૂલ વિભાગમાં ક્યારે મોકલવામાં આવેલ**?** | |
| **પેટા પ્રશ્ન– ૮** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીનની " રાજ્ય મૂલ્યાંકન સમિતિ" દ્વારા શું કિંમત નક્કી કરવામાં આવી છે? | |
| **પેટા પ્રશ્ન– ૯** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતે જી.આઈ.ડી.સી દ્વારા ક્યારે સ્થળ મુલાકાત લેવામાં આવેલ? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2005

વિષય:

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા-થુવરમાં જી.આઈ.ડી.સી.

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 20/01/2024 | 13/02/2024 | 30/01/2024 |

*15/4/2005 શ્રી જિગ્નેશ મેવાણી(વડગામ)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા-થુવરમાં માર્બલ કટીંગ અને પોલીસીંગ એકમો સ્થાપવા જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવનાર છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને જી.આઈ.ડી.સી. બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

**બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા-થુવરમાં જી.આઇ.ડી.સી.**

* **15/4/2005 શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા-થુવરમાં માર્બલ કટીંગ અને પોલીસીંગ એકમો સ્થાપવા જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવનાર છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને જી.આઇ.ડી.સી. બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે? | (૨) ઉક્ત હેતુ માટે તે વિસ્તારની અનુકૂળ સરકારી જમીન તબદીલીથી મેળવવાની નિગમની દરખાસ્ત કલેક્ટરશ્રી, બનાસકાંઠા દ્વારા મહેસૂલ વિભાગમાં સાદર થયેલ છે, જે ચકાસણી હેઠળ છે. જેથી બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના થુવર જલોત્રા ખાતે જીઆઈડીસી બનાવવા હાલમાં કોઈ નાણાકિય ફાળવણી કરાયેલ નથી. |

---

**ગૃહમાં જવાબ આપવાની તા.૧૯-૦૨-૨૦૨૪**

ક્રમાંક: વસપ-૧૦૨૦૨૪-તા.પ્ર.૧૧-ગ
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
બ્લોક નંબર-૫, ૩ જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 13 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના તા.૩૦/૦૧/૨૦૨૪ ના પત્ર અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

(બી.એસ.મહેતા)
સંયુક્ત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-
- સેક્શન અધિકારી, જ-શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.



મુખ્ય પેજ પર જાઓ

## હાર્દ

- રાજ્યના વિવિધ વિસ્તારોના ઔદ્યોગિક વસાહતની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપી આર્થિક વિકાસ સાધવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ ૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે.
- નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તેમાટે નિગમ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળોએ વસાહતોની સ્થાપના કરેલ છે.
- નિગમ દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૧ ના પત્રથી બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મોજે:થુવર–જલોત્રા ખાતે ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે સરકારી જમીન તબદીલીથી મેળવવાની દરખાસ્ત કરવામાં આવેલ.
- નિગમની માંગણીવાળી જમીનની ડીઆઈએલઆરશ્રી દ્વારા તા.૧૯/૦૮/૨૦૨૧ ના રોજ મળેલ માપણીશીટની ચકાસણી કરતાં સ્થળ ઉપર અંદાજે ૧૬ હેક્ટર જમીન પર ખેડૂતો દ્વારા દબાણ હોઈ, ઉપલબ્ધ થતી દબાણ રહિત જમીનોના આગોતરા કબજા સુપ્રત કરવા તા.૨૩/૦૮/૨૦૨૧ ના પત્રથી કલેક્ટરશ્રીને વિનંતી કરવામાં આવેલ.
- થૂવર ગામના રહીશો દ્વારા, તા.૧૬/૧૨/૨૦૨૧ થી નિગમની માગણી વાળી જગ્યા, ભારત સરકારશ્રીના સી.જી.ડી.એલ.ઈ–૧૦૧૧૨૦૨૧–૨૩૦૯૯૬ તા.૦૮–૧૧–૨૦૨૧ ના જાહેરનામાથી બાલારામ–અંબાજી વન્યપ્રાણી અભ્યારણ્યનો "ઈકોસેન્સીટીવ ઝોન" મંજુર થયેલ હોઈ, ઔદ્યોગિક વસાહત ન સ્થાપવા બાબતે નાયબ વન સંરક્ષક,પાલનપુરને આવેદન આપવામાં આવેલ.
- ઉક્ત આવેદન અન્વયે  નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, બનાસકાંઠાના પત્ર તા.૩૧/૦૧/૨૦૨૨ થી જણાવ્યા  અનુસાર, વસાહતની સૂચિત જગ્યા ભારત સરકારશ્રીના સી.જી.ડી.એલ.ઈ–૧૦૧૧૨૦૨૧–૨૩૦૯૯૬ તા.૦૮–૧૧–૨૦૨૧ ના જાહેરનામાથી બાલારામ–અંબાજી વન્યપ્રાણી અભ્યારણ્યનો "ઈકોસેન્સીટીવ ઝોન ઈકોસેન્સીટીવ ઝોન મંજૂર થયેલ છે.

- જાહેરનામામાં જણાવ્યા મુજબ પ્રદૂષણકર્તા ઔદ્યોગિક પ્રવૃતિનો પ્રોહિબિટેડ અક્ટિવિટીઝમાં સમાવેશ થતો હોઈ, જાહેરનામાનો ભંગ ના થાય તે ધ્યાને લેવા જણાવેલ.
- નિગમની ક્ષેત્રિય કચેરીએથી તા.૦૫/૦૨/૨૦૨૨ ના પત્રથી નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, બનાસકાંઠા ને સરકારશ્રીના પોલ્યુસન કંટ્રોલ બોર્ડની ગાઈડ લાઈન મુજબ બિન પોલ્યુશન વાળા ઉદ્યોગોની સ્થાપના કરશે જેથી ગામલોકો દ્વારા આપેલ આવેદન રદ કરવા જણાવેલ.
- નિગમની ક્ષેત્રિય કચેરી દ્વારા મોજે:થુવર અને જલોત્રા મુકામે ઔ.વસાહત સ્થાપવા સારૂ સરકારી જમીનનો આગોતરો કબજો સુપરત કરવા અને સરકારશ્રી જે કિમત નક્કી કરશે તે ભરપાય કરવા બાબતેની બાંહેધરી  અને ઉપલબ્ધ થતી અંદાજે ૭૦ હેકટર જમીનના આગોતરા કબજા સોંપાવા બાબતે કલેકટરશ્રીને તા.૧૭/૦૧/૨૦૨૨ થી વિનંતિ કરવામાં આવેલ.
- નિગમની ક્ષેત્રિય કચેરીએથી તા.૨૦/૦૧/૨૦૨૨ ના પત્રથી કલેક્ટરશ્રીને  સરકારશ્રીના પોલ્યુસન કંટ્રોલ બોર્ડની ગાઈડ લાઈન મુજબ બિન પોલ્યુશન વાળા ઉદ્યોગોની સ્થાપના કરશે જેથી ગામલોકો દ્વારા આપેલ આવેદન રદ કરવા તેમજ ઉપલબ્ધ થતી અંદાજે ૭૦ હેકટર જમીનના આગોતરા કબજા સોંપવાની પુન:વિનતી  કરવામાં આવેલ.
- સદર સૂચિત જગ્યાએ, એગ્રો ફૂડ પાર્ક અને સ્ટોન બેઝ ઉદ્યોગો વગેરે પ્રકારના બિન પોલ્યુશન વાળા ઉદ્યોગો સ્થાપી શકાય તે માટે જમીન મેળવવા પ્રયત્નો હાથ ધરેલ છે.

[મુખ્ય પેજ પર જાઓ]

## //પૂરક નોંધ//

- રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગીક વિકાસ અધિનિયમ–૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે નિગમ દ્વારા રાજ્યના જુદા જુદા સ્થળોએ નાની–મોટી કુલ ૨૩૯ વસાહતોની સ્થાપના કરેલ છે.
- નિગમ દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૧ ના પત્રથી બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મોજે:થુવર–જલોત્રા ખાતે ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે સરકારી જમીન તબદીલીથી મેળવવાની દરખાસ્ત કરવામાં આવેલ.
- બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના મોજે:મુડેઠા ખાતેની ૨૪.૫૦ હેક્ટર સરકારી જમીન અને અમીરગઢની ૧૧ હેક્ટર ગૌચર જમીનોના આગોતરા કબજા મેળવીને વસાહત સ્થાપવાની કામગીરી નિગમ કરી રહ્યુ છે.
- ઔદ્યોગિક વસાહતની સ્થાપનાથી આર્થિક પ્રવૃતિ ને વેગ મળે તે ઉમદા આશયથી નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓના વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહત વિકસાવવા/સ્થાપવા માટે એક જથ્થે ઉપલબ્ધ સરકારી જમીન, નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસીલીટીની સગવડ, અંડર ગ્રાઉન્ડ કે, ઓવરહેડ વિજ લાઈનની અને ઈલેકટ્રીક સબ સ્ટેશન તથા તેની ક્ષમતાની સુવીધા, નેશનલ/સ્ટેટ હાઈવે અથવા બ્રોડગેજ રેલવે લાઈનથી અંતર તથા સુચિત જગ્યાને હયાત રોડથી મળતો એપ્રોચની સગવડ, ઔદ્યોગિક એકમ માટે જરૂરી પુરતા પ્રમાણમાં પાણીની સગવડ વિગેરે પરીબળો ધ્યાને લઈ, ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી મેળવવામાં આવેલ છે અને તે મળેલ માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મોજે:અલીગઢ, ધાનેરા તાલુકાના મોજે:ચાવરપુરા. થરાદ તાલુકાના દુધવા, ડીસા તાલુકાના જુના ડીસા અને અમીરગઢ ખાતે નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવા સારૂ જમીનો તબદીલીથી મેળવવા કલેકટરશ્રી, બનાસકાંઠાને દરખાસ્ત કરવામાં આવેલ છે. આમ નિગમ દ્વારા વસાહતોની સ્થાપના કરવા અંગે અથાગ પ્રયત્નો હાથ ધરેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિકેતભાઈ ઠાકર (પાલનપુર)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૧** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર-જલોત્રા ખાતે કેટલા વિસ્તારમાં ઔધોગિક વસાહતનું આયોજન છે? |
| જવાબ | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રાની જીઆઈડીસીની માંગણીવાળી કુલ–૧૫૪ હેકટરમાંથી ડી.આઈ.એલ.આર.શ્રી ની માપણીશીટ મુજબ ઉપલબ્ધ થતી અંદાજે ૭૦ હેકટર જમીનમાં ઔધોગિક વસાહતનું આયોજન છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૨** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર-જલોત્રા ખાતે સરકારી જમીન તબદીલીથી મેળવવા કલેકટરશ્રીને ક્યારે દરખાસ્ત કરવામાં આવી? |
| **જવાબ** | પ્રાદેશિક મેનેજરશ્રી, મહેસાણા દ્વારા મોજે:થુવર અને જલોત્રા મુકામે ઔદ્યોગીક વસાહત સ્થાપવા સારૂ તા.૧૯–૦૧–૨૦૨૧ ના પત્રથી કલેકટરશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન –૩** | થુવર-જલોત્રા ખાતેની સરકારી જમીનનો આગોતરો કબજો લેવામાં આવેલ છે કે કેમ? |
| **જવાબ** | જી.આઈ.સી.સી દ્વારા થુવર–જલોત્રા ખાતેની સરકારી જમીનનો કબજો મેળવવામાં આવેલ નથી. |

**મુખ્ય પેજ પર જાઓ**

## અગ્રતા ક્રમ :૧૭

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | થુવર-જલોત્રા ખાતેની સરકારી જમીનનો આગોતરો કબજા કિમત ભરપાય કરવામાં આવેલ છે કે કેમ? |
| **જવાબ** | જી.આઈ.સી.સી દ્વારા સદરહું સરકારી જમીનોના આગોતરા કબજા મેળવવામાં આવેલ ન હોય કોઈ આગોતરા કબજા કિમત ભરપાય કરવામાં આવેલ નથી. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૫** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર-જલોત્રા ખાતેની સરકારી જમીનની જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા શું કિમત નક્કી કરવામાં આવી છે? |
| **જવાબ** | તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ યોજાયેલ "જિલ્લા મૂલ્યાંકન સમિતિ" દ્વારા રૂ.૫૭૭ પ્રતિ ચોમી જમીનની કિમત નક્કી કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૬ | નિગમની માંગણીવાળી જમીન કેન્દ્ર સરકારશ્રી દ્વારા ક્યારે ઈકોસેન્સીટીવ ઝોન "જાહેર કરવામાં આવેલ ? |
| **જવાબ** | ભારત સરકારશ્રીના સી.૨૩૦૯૯૬ તા–૧૦૧૧૨૦૨૧–ઈ.એલ.ડી.જી.૦૮–૧૧––૨૦૨૧ ના જાહેરનામાથી બાલારામઅંબાજી વન્યપ્રાણી અભ્યારણ્યનો મંજુર "ઈકોસેન્સીટીવ ઝોન" થયેલ છે. સદરહું મંજૂર થયેલ વિસ્તારમાં નિગમની માગણીવાળી જમીનનો સમાવેશ થાય છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ :૧૭

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | **કલેક્ટરશ્રી દ્વારા થુવર-જલોત્રા ખાતેની સરકારી જમીન જીઆઈડીસીને તબદીલીની મંજૂરી મેળવવાની દરખાસ્ત મહેસૂલ વિભાગમાંક્યારે મોકલવામાં આવેલ?** |
| **જવાબ** | કલેકટરશ્રી દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૧ના પત્રથી જીઆઇડીસીની માંગણીવાળી જમીન તબદીલીની મંજૂરી આપવાની દરખાસ્ત મહેસૂલ વિભાગમાં કરવામાં આવેલ. ત્યારબાદ મહેસૂલ વિભાગ દ્વારા માગ્યા મુજબની વિગતોની સ્પષ્ટતા સાથે કલેકટરશ્રી દ્વારા તા.૧૯/૦૨/૨૦૨૨ થી કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ :૧૭

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૮** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર-જલોત્રા ખાતેની સરકારી જમીનની રાજ્ય  મૂલ્યાંકન સમિતિ દ્વારા શું કિમત નક્કી કરવામાં આવી છે? |
| જવાબ | તા.૨૦/૦૫/૨૦૨૨  ના રોજ યોજાયેલ "રાજ્ય મૂલ્યાંકન સમિતિ "  માં મુખ્ય નિયોજકશ્રીના અભિપ્રાયના ધ્યાને લેતા રૂ.૫૭૭ પ્રતિ ચોમી જમીનની કિમત નક્કી કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૭

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૯** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર-જલોત્રા ખાતે જી.આઈ.ડી.સી દ્વારા ક્યારે સ્થળ મુલાકાત લેવામાં આવેલ? |
| **જવાબ** | બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકામાં આવેલ થુવર–જલોત્રા ખાતેની સૂચિત જમીનોની નિગમની પ્લાનીંગ ટીમની સ્થળ મુલાકાત તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ લેવામાં આવેલ. |

મુખ્ય પેજ પર જાઓ